પરીક્ષા મૂલ્યાંકન સંબંધી
અગત્યનું
સમયમર્યાદા

ક્રમાંક:મઉમશબ/પરીક્ષા/૨૦૨૨/43
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-૧૦ બી, સચિવાલય પાસે,
ગાંધીનગર.
તા. ૦૯/૦૪/૨૦૨૨

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ,
ગુજરાત રાજય.

વિષય :- મૂલ્યાંકન કાર્યમાં શિક્ષકોની હાજરી બાબત.

ઉપર્યુક્ત વિષય પરત્વે જણાવવાનું કે, પરીક્ષા અને પરીક્ષા બાદનું મૂલ્યાંકન કાર્ય તે શિક્ષકોની ફરજનો જ એક ભાગ છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક પરીક્ષા વિનિયમ-૧૯૭૪ ની જોગવાઈ ૨૭(૯) મુજબ રજિસ્ટર્ડ ખાનગી માધ્યમિક અથવા ઉચ્ચતર માધ્યમિક અથવા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના શૈક્ષણિક તેમજ બિન-શૈક્ષણિક સ્ટાફની કામગીરીઓ અને રચનાઓ પરત્વે વિનિયમો હેઠળ અન્યત્ર કરાયેલ જોગવાઈઓ ઉપરાંત સંચાલક મંડળ, આચાર્ય, સુપરવાઈઝર, શિક્ષકો તેમજ બિન-શૈક્ષણિક સ્ટાફના વર્ગ-૩ માં અને વર્ગ-૪ માં આવરી લેવાતા તમામ કર્મચારીઓની ફરજો તથા સેવા (વર્તન) ની શરતો આ વિનિયમ હેઠળના પરિશિષ્ટ-૨ માં નિહિત કરી દર્શાવેલી જોગવાઈઓ અનુસારની છે. તથા વિનિયમની જોગવાઈ ૨૭(૯)(૫)(૧૭) માં શિક્ષકોની ફરજો દર્શાવેલ છે. જે નીચે મુજબ છે.

"માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા અથવા ઉચ્ચતર માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા કે સરકાર દ્વારા પરીક્ષક, સમીક્ષક, મુખ્ય સમીક્ષક, પ્રાશ્નિક, નિરીક્ષક, સંવાહક સહસંચાલન કે એવી બીજી પરીક્ષાને લગતી કોઈ પણ કામગીરી સોંપવામાં આવે તે વિશ્વસનીય રીતે, ગુપ્તતા જાળવીને નિષ્ઠા અને પ્રામાણિકતાપૂર્વક કાર્યદક્ષતાથી જવાબદારીપૂર્વક પાર પાડશે."

ઉક્ત જોગવાઈઓ અનુસાર શાળાના આચાર્યની સત્તા સંબંધિત શિક્ષકને મધ્યસ્થ મૂલ્યાંકનના ઓર્ડર બજવણી કરવાની અને મૂલ્યાંકન અર્થે શિક્ષકને છુટા કરવાની છે. આ ઓર્ડર પરત લેવાની સત્તા યોગ્ય કારણો જણાય તો મધ્યસ્થ મૂલ્યાંકનના નિયામક અથવા બોર્ડના પરીક્ષા સચિવને છે. તેથી શાળાના કોઈપણ આચાર્યએ મધ્યસ્થ મૂલ્યાંકનના ઓર્ડર પરત લેવા નહિ તેમજ શાળાના શિક્ષકને મૂલ્યાંકન કાર્ય માટે મળેલ હુકમમાં દર્શાવેલ મધ્યસ્થ મૂલ્યાંકન

કેન્દ્ર ખાતે તારીખ મુજબ હાજર ન થાય તો તે શિક્ષકને શાળાના આચાર્યશ્રીએ શાળામાં પરત હાજર ન કરવા જણાવવામાં આવે છે. જે શિક્ષકને મધ્યસ્થ મૂલ્યાંકનની કામગીરી માટે મુક્ત કરવામાં આવે તેવા શિક્ષકે મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્ર ખાતે ફરજ નિભાવવાની રહેશે અન્યથા તેઓની ફરજ પરની ગેરહાજરી ગણવામાં આવશે. આ બાબતે શાળાના આચાર્યશ્રીએ શિક્ષકોને જાણ કરવાની રહેશે. આ બાબતની તમામ જવાબદારી શાળાના આચાર્યની રહેશે. શાળા સંચાલક મંડળ દ્વારા તેઓની શાળાઓમાં મધ્યસ્થ મૂલ્યાંકન કામગીરી માટે શિક્ષકોને શાળાના આચાર્યશ્રી મુક્ત કરે તે જોવાનું રહેશે. આ બાબતની જાણ સંબંધિતોને સત્વરે કરવા વિનંતિ છે.

(ડી. એસ. પટેલ)

સચિવ

ગુજરાત માધ્યમિક અને

ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ

ગાંધીનગર

<u>નકલ રવાના જાણ અને જરૂરી કાર્યવાહી અર્થે :-</u>

- પરીક્ષા સચિવશ્રી, (HSC, સા.પ્ર.)
- પરીક્ષા સચિવશ્રી, (HSC, વિ.પ્ર.)
- પરીક્ષા સચિવશ્રી, (SSC )